# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

શ્રી ગણેશાય નમઃ

# શું આપ જાણો છો ?
# આપણી જ્ઞાતિના મહાનુભાવોને ?
# તો ચાલો જાણીએ એમના વિશે....

## પુરુષાર્થી - દાનેશ્વરી - ભક્ત પ્રેરણાના મશાલચી....
## સ્વ. શેઠશ્રી મોતીલાલ હરીલાલ જગાભાઈવાળા

ધુળમાં પગલીઓ પાડીને ચાલ્યા જનારની ઓળખાણ તો ક્ષણજીવી હોય છે અને એવા માનવોને કોઈ યાદ પણ નથી કરતું. સમાજના ઈતિહાસના પાને તો એવા ઈન્સાનની નોંધ લેવાય છે કે જેમણે કપરા ને કાળમીંઢ રસ્તઓ ઉપર પોતાની જીવનયાત્રાના ચિરંજીવ નિશાન કંડાર્યા હોય. ઈતિહાસ બોલે છે કે સંસાર પર, હૃદય પર, મનની હરિયાળી પર શાશ્વત નિશાન મુકી જનાર વ્યક્તિ કોઈ કુબેરપતિ કે મકાનની ટોચ પર લીલી ધજા ફરકાવનાર નગરશેઠ નથી હોતી ! એવી વ્યક્તિ તો હોય છે પથ્થરોમાં લકિરો કોતરનાર કોઈ પુરૂષાર્થી જીવ...

આવા જીવ દુનિયામાં ત્રણ : એક તો ભક્ત, બીજો દાતા અને ત્રીજો શૂર.

આવા એક પુરૂષાર્થી, દાતા ને ભક્તિરસના રસિયા જીવ શેઠશ્રી મોતીલાલ હરીલાલ જગાભાઈવાળા. તેઓશ્રીનો જન્મ આજથી લગભગ એક સૈકા પહેલા, અમદાવાદના પુણ્યશાળી વૈષ્ણવ કુટુંબમાં થયેલો. જન્મ તારીખ : ૧૧મી સપ્ટેમ્બર ૧૮૭૦, પિતાનું નામ શેઠશ્રી હરીલાલ ખુશાલભાઈ.

જગાભાઈવાળા કુટુંબનું નામ તે વખતે માણેકચોકના સાતે મહાજનના શેઠ તરીકેનું ગૌરવ પામતું અને વડોદરા રાજયના શ્રીમંત ગાયકવાડ સરકારે ભેટ આપેલા મ્યાનો. પાલખી અને મશાલના બહુમાન વડે વિભૂષિત થયેલું હતું. ઢાલની પોળના એમના વસવાટનો મહોલ્લો હાલ પણ ''જગાભાઈ શેઠની પોળ''ના નામે ઓળખાય છે.

આવા પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મેલા શેઠશ્રી મોતીલાલે બાળપણમાં જ ફક્ત નવ વર્ષની વયે પિતાશ્રીનું શિરછત્ર ખોયું. અગીયાર વર્ષે માતુશ્રી સમરથબાનો ગોલોકવાસ થતાં જનેતાના વાત્સલ્યથી પણ વંચિત બન્યા.

એમના મોટાભાઈ શેઠશ્રી હિંમતલાલની દેખરેખ નીચે મેટ્રીક સુધી અભ્યાસ કરી એમણે સ્વકમાણીથી જ જીવનવહેવાર ચાલાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો. તે વખતે મીલ ઉદ્યોગ સારો ચાલતો હોવાથી એક મીલ ઉભી કરવાનો એમને વિચાર આવ્યો.

વિચાર તો આવ્યો પણ એ ઉદ્યોગ  વિશે પુરતું જ્ઞાન નહીં હોવાથી તથા આર્થિક સ્થિતિથી મજબુત બની એમણે એ ઉદ્યોગ સાથે સંકળાયેલા મીલ જીન સ્ટોર્સની લાઈનમ ઝંપલાવ્યું. ઓળખાણો હોવાથી અમદાવાદની લગભગ બધીએ મીલોના ઓર્ડર એમની ફર્મને મળવા માંડ્યા. અમેરિકાની હડસન બેલ્ટીંગ કંપનીની એજન્સી મેળવી અને ખંતથી, આવડતથી ધંધાને વીકસાવવા માંડયો. પ્રગતિના આ પગથિયા પર પગ સ્થિર થયો ત્યાં તો ધી અમદાવાદ કૈસરે હિંદ મીલમાં શરૂઆતથી ડાયરેક્ટર તરીકે નીમાયા. આ બીજા સોપાન ઉપરથી એમણે ત્રીજા સોપાન ઉપર કદમ મૂક્યા. મોટી રકમ રોકીને એમણે ધી ઓખા સોલ્ટ વર્કસ લીમીટેડ સ્થાપવામાં સારી જહેમત ઉટાવી ને એ સંસ્થાના ડાયરેક્ટર બન્યા. જેનું પાછળથી ટાટા કેમીકલ વર્કસમા પરિવર્તન થયું.

પણ કાપડની મીલ ઉભી કરવાની જે મહત્વકાંક્ષા એમણે મનમાં કોઈ અગોચર ખૂણામાં, સંજોગાધીન, ભંડારી રાખી હતી એ સાવ મૃતઃપ્રાય નહોતી બની. હવામાન અનુકુળ બનતાં એમાં પ્રાણનો નવસંચાર થયો. શેઠ કનૈયાલાલ સાથે એમણે વાટાઘાટો ચલાવી અને

તેના પરિપાક રૂપે સને ૧૯૩૦માં શૈઠ કનૈયાલાલની ભાગીદારીમાં ''ધી બિહારી મીલ્સ લીમીટેડ''નો પાયો નંખાયો. એ મીલના સેક્રેટરીઝ, ટ્રેઝરર્સ અને એજન્ટસ તરીકે મેસર્સ મોતીલાલ હરીલાલ એન્ડ કંપની અને મેનેજીંગ એજન્ટસ તરીકે શેઠ મોતીલાલ હરીલાલ જગાભાઈવાળાની નિમણુંક થઈ.

એ મીલની ઉદઘાટન ક્રિયા મહામંડલેશ્વર સ્વામીશ્રી જયેન્દ્રપુરીજી મહારાજના હસ્તક થઈ પણ એ શુભ પ્રસંગ પહેલાં જ શેઠશ્રી મોતીલાલ ન્યુરાઈટીસની બિમારીમાં સપડાયા. અનેક નામાંકિત ડૉક્ટરોની સલાહ અને દવાઓ લીધી, પણ વ્યર્થ, જીવનનું સ્વપ્નું સાકાર બન્યું ના બન્યં ત્યાં તો એમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું. ૨૯મી ફેબ્રુઆરી ૧૯૩૨ના રોજ એમણે દેહ ત્યજયો.

આખા જીવન દરમ્યાન દયા અને લાગણીનો ઝરો સતત વહેતો રાખનાર શેઠ મોતીલાલની મુંટી સખાવતો ઓછી નથી. સંગીતના રસીયા, હૃદયના ભોળા, ધર્મચુસ્ત એવા શેઠશ્રી અશ્વોના પણ અચ્છા શોખીન હતાં. દર વર્ષે, શ્રાવણ માસના મેળાઓમાં દમણીઆઓની જે રેસ  યોજાતી એમાં એમની દમણી પહેલે નંબરે આવતી. જીવનની અને મેળાઓની રેસમાં આમ તેઓ જીતી ગયા. શ્રી ભગવદ્‌ગીતાના અભ્યાસી, સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજના સત્સંગી, પુરૂષાર્થી, દાનવીર એવા શેઠશ્રી મોતીલાલ, અંતિમ ઘડીએ, શ્રીહરીનું રટણ કરતાં કરતાં જ પ્રભુ ચરણને શરણે ગયા.

અવસાન પામ્યા પહેલાં કોઈ સદકાર્યમં રૂા.૨૫,૦૦૦ ની રકમ ખર્ચવાનો એમનો વિચાર હતો પણ મૃત્યુએ એને અમલમાં મુવા ન દીધો. એમના દેહાંત બાદ એમના પુત્ર શેઠશ્રી ચંદ્રકાંતભાઈએ સને ૧૯૩૮માં રૂા. ૩૫,૦૦૧નું દાન અમદાવાદ જીલ્લા ક્ષયનિવારણ ફંડને આપ્યું.

એ દાનમાંથી ''શેઠ મોતીલાલ હરીલાલ જગાભાઈ વાળા ક્ષયરોગ નિવારણ હોસ્પીટલ'' આસ્ટોડીયા દરવાજા બહાર ઉભીછ થઈ. જેમાં આજે માસ મીનેચર એકસ-રે વિ. સાધનો અને દરરોજ ૪૦૦ થી ૫૦૦ દર્દીઓ લાભ લે છે.

પુરૂષાર્થના પ્રતિક જેવી ''ધી બિહારી મીલ્સ'' દાનની ગંગા જેવી ક્ષય હોસ્પીટલ, હજી આજ પણ, સ્વ. શેઠશ્રી મોતીલાલ હરીલાલની યાદ તાજી કરાવતી મોજુદ છે.

જેમના વડવાઓ શ્રીમંત ગાયકવાડ સરકારે આપેલી મશાલ સાથે દરબારે જતા એવા જગાભાઈવાળા કુટુંબમાં જન્મેલા સ્વ. શેઠશ્રી મોતીલાલ હરીલાલનું જીવન આજે પણ પ્રેરણાની મશાલના તેજ પાથરી રહ્યું છે.

શ્રી ગણેશાય નમઃ

# શું આપ જાણો છો ?

# આપણી જ્ઞાતિના મહાનુભાવોને ?

# તો ચાલો જાણીએ એમના વિશે....

## પુરુષાર્થી - દાનેશ્વરી - ભક્ત પ્રેરણાના મશાલચી....

## સ્વ. શેઠશ્રી મોતીલાલ હરીલાલ જગાભાઈવાળા

ધુળમાં પગલીઓ પાડીને ચાલ્યા જનારની ઓળખાણ તો ક્ષણજીવી હોય છે અને એવા માનવોને કોઈ યાદ પણ નથી કરતું. સમાજના ઈતિહાસના પાને તો એવા ઈન્સાનની નોંધ લેવાય છે કે જેમણે કપરા ને કાળમીંડ રસ્તઓ ઉપર પોતાની જીવનયાત્રાના ચિરંજીવ નિશાન કંડાર્યા હોય. ઈતિહાસ બોલે છે કે સંસાર પર, હૃદય પર, મનની હરિયાળી પર શાશ્વત નિશાન મુકી જનાર વ્યક્તિ કોઈ કુબેરપતિ કે મકાનની ટોચ પર લીલી ધજા ફરકાવનાર નગરશેઠ નથી હોતી ! એવી વ્યક્તિ તો હોય છે પથ્થરોમાં લકિરો કોતરનાર કોઈ પુરૂષષાર્થી જીવ...

આવા જીવ દુનિયામાં ત્રણ : એક તો ભક્ત, બીજો દાતા અને ત્રીજો શૂર.

આવા એક પુરૂષાર્થી, દાતા ને ભક્તિરસના રસિયા જીવ શેઠશ્રી મોતીલાલ હરીલાલ જગાભાઈવાળા. તેઓશ્રીનો જન્મ આજથી લગભગ એક સૈકા પહેલા, અમદાવાદના પુણ્યશાળી વૈષ્ણવ કુટુંબમાં થયેલો. જન્મ તારીખ : ૧૧મી સપ્ટેમ્બર ૧૮૭૦, પિતાનું નામ શેઠશ્રી હરીલાલ ખુશાલભાઈ.

જગાભાઈવાળા કુટુંબનું નામ તે વખતે માણેકચોકના સાતે મહાજનના શેઠ તરીકેનું ગૌરવ પામતું અને વડોદરા રાજ્યના શ્રીમંત ગાયકવાડ સરકારે ભેટ આપેલા મ્યાનો. પાલખી અને મશાલના બહુમાન વડે વિભૂષિત થયેલું હતું. ઢાલની પોળના એમના વસવાટનો મહોલ્લો હાલ પણ ''જગાભાઈ શેઠની પોળ''ના નામે ઓળખાય છે.

આવા પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મેલા શેઠશ્રી મોતીલાલે બાળપણમાં જ ફક્ત નવ વર્ષની વયે પિતાશ્રીનું શિરછત્ર ખોયું. અગીયાર વર્ષે માતુશ્રી સમરથબાનો ગોલોકવાસ થતાં જનેતાના વાત્સલ્યથી પણ વંચિત બન્યા.

એમના મોટાભાઈ શેઠશ્રી હિંમતલાલની દેખરેખ નીચે મેટ્રીક સુધી અભ્યાસ કરી એમણે સ્વકમાણીથી જ જીવનવહેવાર ચાલાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો. તે વખતે મીલ ઉદ્યોગ સારો ચાલતો હોવાથી એક મીલ ઉભી કરવાનો એમને વિચાર આવ્યો.

વિચાર તો આવ્યો પણ એ ઉદ્યોગ  વિશે પુરતું જ્ઞાન નહીં હોવાથી તથા આર્થિક સ્થિતિથી મજબુત બની એમણે એ ઉદ્યોગ સાથે સંકળાયેલા મીલ જીન સ્ટોર્સની લાઈનમ ઝંપલાવ્યું. ઓળખાણો હોવાથી અમદાવાદની લગભગ બધીએ મીલોના ઓર્ડર એમની ફર્મને મળવા માંડ્યા. અમેરિકાની હડસન બેલ્ટીંગ કંપનીની એજન્સી મેળવી અને ખંતથી, આવડતથી ધંધાને વીકસાવવા માંડયો. પ્રગતિના આ પગથિયા પર પગ સ્થિર થયો ત્યાં તો ધી અમદાવાદ કૈસરે હિંદ મીલમાં શરૂઆતથી ડાયરેક્ટર તરીકે નીમાયા. આ બીજા સોપાન ઉપરથી એમણે ત્રીજા સોપાન ઉપર કદમ મૂક્યા. મોટી રકમ રોકીને એમણે ધી ઓખા સોલ્ટ વર્કસ લીમીટેડ સ્થાપવામાં સારી જહેમત ઉટાવી ને એ સંસ્થાના ડાયરેક્ટર બન્યા. જેનું પાછળથી ટાટા કેમીકલ વર્કસમા પરિવર્તન થયું.

પણ કાપડની મીલ ઉભી કરવાની જે મહત્વકાંક્ષા એમણે મનમાં કોઈ અગોચર ખૂણામાં, સંજોગાધીન, ભંડારી રાખી હતી એ સાવ મૃતઃપ્રાય નહોતી બની. હવામાન અનુકુળ બનતાં એમાં પ્રાણનો નવસંચાર થયો. શેઠ કનૈયાલાલ સાથે એમણે વાટાઘાટો ચલાવી અને તેના પરિપાક રૂપે સને ૧૯૩૦માં શેઠ કનૈયાલાલની ભાગીદારીમાં ''ધી બિહારી મીલ્સ લીમીટેડ''નો પાયો નંખાયો. એ મીલના સેક્રેટરીઝ, ટ્રેઝરર્સ અને એજન્ટસ તરીકે મેસર્સ મોતીલાલ હરીલાલ એન્ડ કંપની અને મેનેજીંગ એજન્ટસ તરીકે શેઠ મોતીલાલ હરીલાલ જગાભાઈવાળાની નિમણુંક થઈ.

# ઉદ્યોગપતિ
# શેઠશ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા

ગુજરાતના આગેવાન ઉદ્યોગપતિ, આઝાદીની લડતો તથા કોંગ્રેસની વિચારસરણીથી રંગાયેલ જાહેર જીવનના એક અગ્રણી અને સામાજિક પ્રવૃત્તિ, ઉદ્યોગ વેપાર તથા રાજકારણમાં ત્રણ દાયકા થયા. એકસરખી નિષ્ઠાથી ઝંપાલવી રહેલા શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા આપણા મધ્યમ વર્ગના એક સુખી, ઉદ્યમી અને તેજસ્વી કુટુંબની પરંપરા વિકસાવીને સામાન્ય માનવીમાંથી "શેઠશ્રી" બન્યા છે.

આજથી ૧૦૮ વર્ષ પહેલાં ૨૯મી જૂન ૧૯૦૩ એમનો જન્મ થયો ત્યારે તેમના પિતા સરકારના ટેલીગ્રાફી ખાતામાં અદના કર્મચારી હતાં. એ પગથારેથી જીવનયાત્રા કરતાં કરતાં તેઓ અદમ્ય ખંત અને અસામાન્ય બુદ્ધિશક્તિથી કેવી રીતે મિલમાલીક બન્યા એ એક અત્યંત રસપ્રદ અને અનોખો પ્રેરણાદાયી ઈતિહાસ છે. આપબળે વેપાર-ઉદ્યોગની એવી વિશાળ વાડી ખીલવ્યા પછી એમની ઈચ્છા એ જવાબદારી પોતાના પુત્રોને સોંપવાની હોય એ સ્વાભાવિક છે. પણ શ્રી વાડીભાઈના મનનું વલણ ઠાવકા વેપારી માણસ થઈને ધંધો કરી ખાઈ સંતોષ પામવાને બદલે પોતાના યુગના પ્રવાહોનો પડકાર ઝીલવા માટે વધારે તત્પર બન્યુ હતું. ગાંધીજીનું નેતૃત્વ સવીકારીને કોંગ્રેસ આઝાદી માટે ઝઝુમતી પ્રચંડ લોકસંસ્થા બની રહી હતી. નવી હવા, નવું જોમ અને નવાં ક્ષિતિજો ઉઘડી રહ્યા હતાં. વેપારી દિશા કરતાં એ નવી પરિસ્થિતી હાકલ વાડીભાઈને વધારે સ્પર્શી ગઈ, અને સહકારની લડતમાં પડીને, સરકારી શિક્ષણ સંસ્થા ત્યજી નવી નવી સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી તરીકે વિદ્યાપીઠના આચાર્ય શ્રી ગીદવાણીના સવિશેષ સ્નેહપાત્ર બન્યાં.

એ વખતે ખાદીનો કાર્યક્રમ જોરશોરથી ચાલતો હતો અને શ્રી વાડીભાઈ પણ રવિવારે અમદાવાદની પોળોમાં ખાદી ફેરી કરતાં. એમનું ઢાળની પોળનું ઘર નવી નવી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી વ્યાપ્ત બની જતું.

અસહકારની લડત ઓસરી ગઈ અને ધારાસભા પ્રવેશનો કાર્યક્રમ કોંગ્રેસ અપનાવતાં. શ્રી વાડીભાઈએ પિતાની ઈચ્છા અનુસાર ધંધા ઉદ્યોગ તરફ વિશેષ ધ્યાન આપવું શરૂ કર્યું. એમના મોટાભાઈ સ્વ. શ્રી ચીનુભાઈ પેઢીની બહારની પ્રવૃત્તિઓ પણ ધ્યાન આપતા હતાં. વાડીભાઈએ કાર્યાલયની જવાબદારી લીધી અને પ્રબળ સૂઝ, ઉત્સાહ અને નવાચીલા પાડવાની પ્રેરણાના બળે પેઢીના પ્રવૃત્તિક્ષેત્રને ખુબ વિકસાવ્યું. પિતા અને બે પુત્રોના પુરૂષાર્થનો સંગમ ઘણો પ્રબળ નીવડ્યો. મશીનરીની એજન્સીઓ, નવા ઉદ્યોગોનું નિરીક્ષણ, અદ્યતન વ્યાપાર-વહેણોના અભ્યાસ અર્થે શ્રી વાડીભાઈએ આ સમય દરમ્યાન અનેક વખત યુરોપના પ્રવાસ કર્યાં. ઈંગ્લીશ ચાઈના કલેનો વેપાર તેમને આ કાળમાં સ્થાપેલો.

ફરીથી રાજકારણનો સાદ પડ્યો. ૧૯૩૦માં મહાત્માજીએ દાંડી કૂચ આદરીને આઝાદીની લડત ઉપાડી અને વાડીભાઈ તરત તેમાં જોડાયાં. ભરૂચ જિલ્લામાં વેડછી સત્યાગ્રહ છાવણીની જવાબદારી એમને સોંપાઈ, અને લડતના પ્રચંડ પ્રવાહમાં એક પછી એક અનેક બીજી જવાબદારીઓમાં પોતે ગરકાવ થઈ ગયાં. ત્યારથી માંડીને "૪૨ની" 'કવીટ ઈન્ડીયા' ચળવળ સુધી કોંગ્રેસનાં આંદોલનો સાથે તેઓ એકરૂપ બની ગયા અને ત્રણથી ચાર વખત જેલની સજા થયેલી.

શ્રી વાડીભાઈના જીવનનું એક પાસું ધારાકીય જવાબદારીઓ સાથે પણ સંકળાયેલું છે. વડોદરા રાજ્યની ધારાસભામાં તેઓ ચુંટાયા હતાં, અને આઝાદી પછી આપણી બંધારણસભામાં મિલમાલિકોના પ્રતિનિધી તરીકે તેમણે વેપાર-ઉદોગ વિષેના પ્રબંધોમાં સુંદર ફાળો આપ્યો હતો.

જાગૃત ઉદ્યોગપતિ તરીતે તેમણે પોતાની શક્તિઓનો જેટલો લાભ પોતાનાં ખાનગી સાહસોને આપ્યો છે તેટલી જ સેવા જાહેર ક્ષેત્રમાં પણ મુક્ત મને કરી છે. જુના મુંબઈ રાજયમાં અને હવે ગુજરાત રાજયમાં એસ.ટી. (સ્ટેટ ટ્રાન્સપોર્ટ)નું અત્યંત કપરું, જટીલ અને ખુબ જ શ્રમજનક છતાં જરાયે યશ ન અપાવે એવું કાર્ય પણ ફતેહમંદીથી પાર પાડ્યું છે. એમના વિરોધીઓ પણ એમને એક કર્તવ્યનિષ્ઠાને અંજલી આપતા રહ્યા છે.

ઉદ્યોગપતિ તરીકે વાડીભાઈએ નવી મિલો - કાપડ અને રેશમની સ્થાપી છે, અને વિકસાવી છે. જુની મિલો લઈને અસાધારણ કુશળતાના બળે સદ્ધર બનાવી છે. એમના વહીવટ તળેની મિલોની ગણનાં ઉદ્યોગનાં આગળ પડતાં એકમો તરીકે થતી આવી છે.

કાપડ ઉદ્યોગ ઉપરાંત ભારતની મોટામાં મોટી સ્ટાર્ચ ફેક્ટરી સ્થાપવાનું માન પણ તેમને ફાળો જાય છે કાપડના પ્રિન્ટીંગ માટે તાંબાનાં રોલરની એન્ગ્રેવીંગ ફેક્ટરી અને આયાત - નિકાસનો બહોળો વેપાર કરતી સી. ડોક્ટર એન્ડ કંપનીનું સંચાલન પણ તેમનાં હાથમાં છે.

શ્રી વાડીભાઈના સિદ્ધાંત પ્રેમ અને કર્તવ્ય નિષ્ઠાની કસોટી ૧૯૫૬માં મહાગુજરાતના આંદોલન વખતે થઈ હતી. અને એ અગ્નિપરીક્ષામાંથી તેઓ પોતે અને તેમની રાહબરી નીચે ગુજરાતની કોંગ્રેસ અણિશુદ્ધ બહાર આવ્યા હતાં. એ પ્રચંઢ આંદોલનની આંધીમાં ગુજરાતભરમાં કોંગ્રેસ સખ્ત ભીંસમાં આવી ગઈ હતી. અને તેનું અસ્તિત્વ હાલ ઉટ્યું હતું. ત્યારે, એ આંદોલનનો પ્રખરમાં પ્રખર હુમલો જ્યાં હતો તે અમદાવાદ શહેરની કોંગ્રેસની જવાબદારી શ્રી વાડીભાઈને સોંપાઈ હતીં. મહાગુજરાતના આંદોલનકારોના હોંકારા ખોંખારાથી ડર્યા વિના કે કોંગ્રેસના નિર્ણયોમાંથી ચળ્યા વિના વાડીભાઈ કોંગ્રેસનું કામ વ્યવહાર કુશળતાથી કરીને સંસ્થાનો માર્ગ કાપતા ગયા. '૫૭ની સામાન્ય ચુંટણીઓમાં જ્યારે પરાજય નિશ્ચિત હતો ત્યારે પણ કોંગ્રેસનો આદેશ માથે ચઢાવીને પોતે ચુંટણીમાં ઉભા રહ્યા અને હસતે મ્હોંએ હાર સ્વીકારી. અડગ સિદ્ધાંતનિષ્ઠા એમના ચારિત્ર્યના પ્રતીક સમી છે. અને એવું ઉત્તમમાં ઉત્તમ અને છેલ્લામાં છેલ્લું ઉદાહરણ અંગ્રેજીના ભણતર અંગે તેમને જેવલણ લીધું છે અને તેને વળગી રહેવા પાછળ જે ભોગ આપ્યો છે તે પરથી સમજી શકાશે.

શ્રી વાડીભાઈના કુટુંબની દાન-પ્રવૃત્તિથી આજે અમદાવાદમાં કોઈ અજાણ હોઈ ન શકે. એમના પિતાની સ્મૃતિમાં મણિનગરમાં શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ હોસ્પીટલ બાંધીને મકાન, સાધનો વગેરે સાથે મળીને રૂા. ૨૫ લાખનું દાન તેમણે મ્યુનિ. કોર્પો.ને સોંપેલ છે. ભૂદાનમાં તેમણે રૂા. ૧ લાખ ઉપરાંતનું દાન કર્યું છે. એમના માતૃશ્રીની સ્મૃતિમાં એક મોટું દવાખાનું ચાલે છે અને ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે શિષ્યવૃતિઓ સારૂ એક ફંડની સ્થાપના પણ તેમણે કરી છે , જેનો લાભ સારી રીતે લેવાય છે.

# સ્વ. દશરથલાલ નાનાલાલ શાહ

તેઓશ્રીએ મુંબઈ હાઈકોર્ટની સનંદ લીધેલી અને સને ૧૯૪૯થી અમદાવાદની સીવીલ કોર્ટના વકીલ તરીકે પ્રેકટીસ શરુ કરેલી. આપણી જ્ઞાતિમાં સામાજીક ઉત્થાનની પ્રવૃત્તિઓના પ્રખર હિમાયતી હોવાથી સતત પ્રયત્નશીલ રહેલ અને સફળતાપુર્વક અનેક સિમાંકનો સ્થપાયેલ તેવા એ મુરબ્બી શ્રી દશરથલાલ નાનાલાલ શાહનો જન્મ.........માં થયેલ.

અથાગ પરિશ્રમ લઈને પુરુષાર્થ, વિધ્વતા અને તેજસ્વીતાની તસવીર તેમણે ઉપસાવી હતી. એક બુધ્ધીશાળી અને બાહોશ એડવોકેટ તરીકે તેમણે પ્રથમ પંક્તિમાં ખ્યાતિ મેળવી. જીવનના આદર્શ મુલ્યો તેમણે જીવનભર જાળવી રાખેલા અને સેવા દ્વારા માનવતાની જયોત પ્રગટાવેલી.

કોર્ટમાં કેસ ગમે તેવો નાનો હોય કે મોટો  હોય, અસીલ શ્રીમંત હોય કે ગરીબ હોય, ફી ઓછી મળે કે વધારે મળે, છતાં બધા જ કેસોમાં તેઓ ઉંડા ઉતરી અથાગ મહેનત કરતાં અને ખંતથી કેસો જીતવા માટે સદા પ્રયત્નશીલ રહેતા.

તેમની ગણના નિષ્ઠાવાન, પ્રમાણિક અને સાચી સલાહ આપનાર એડવોકેટ તરીકે થતી. કેસ નબળો હોય તો અસીલને ખોટા ખર્ચ કરવાની ના પાડી દેતા. ગરીબ અસીલોના કેસો ઓછી ફી એ કે વગર ફી એ પણ તેઓ ધગશથી લડતા અને જીતી જતા. શક્ય હોય ત્યાં સમાધાન દ્વારા અસીલોના કેસો પતાવતા. જેથી તેમના કોર્ટના ખર્ચ બચે.

તેઓ મૃદુ, મીલનસાર, નીખાલસ અને સેવાભાવી સ્વભાવના હતાં. તેઓ અજાતશત્રુ હતાં. તેઓ બધાજે મિત્રો બનાવતા હતાં. પણ કોઈને શત્રુ બનાવતા નહોતાં. વકીલોને તેમના માટે કુણી લાગતી હતી. તેથી તેઓ બધા ય વકીલોના પ્રીતીપાત્ર બની ગયા હતાં. જુનીયર વકીલો તેમની સલાહ માટે આવે ત્યારે જરાય અભિમાન રાખ્યા વગર સાલસતાથી તેમને પુરી મદદ કરતા અને સચોટ માર્ગદર્શન આપતાં.

તેમની આ તેજસ્વી પ્રતિભાશાળી કારકિર્દી અને કાર્યશૈલીને ધ્યાનમાં લઈ સરકારે તેમને ન્યાયાધીશ (જજ)ની પદવી ઓફર કરેલી. પણ સમાજના છેવાડાના માણસને સચોટ અને વ્યવહારૂ ન્યાય અપાવી શકાય તે ભાવનાથી તેમણે ઉપરની પદવી  સ્વીકારી નહોતી.

તેઓશ્રીએ સને ૧૯૬૩માં મંડળની કાર્યવાહક કમીટીના સભ્ય તરીકે શરૂઆત કરી. સને ૧૯૬૪થી ૧૯૯૭ સુધી મંડળના કાયમી ટ્રસ્ટી તરીકે આજીવન સેવાઓ આપેલી. તેમણે તન, મન અને ધનથી આશરે ૩૦ વર્ષ સુધી જ્ઞાતિને અનન્ય સેવાઓ આપેલી જે નોંધનીય છે.

તેઓ પ્રગતિશીલ વિચારો ધરાવતા હતાં. આજના વિજ્ઞાનના જમાનામાં જુનવાણી બીનજરૂરી રીત રિવાજોને તીલાંજલિ આપી વ્યવહારું વિચારો અપનાવતાં. સમાજ ઉત્થાન માટે હંમેશા પ્રવૃત્ત રહેલ.

તેઓ આજે આપણી સમક્ષ નથી. પણ તેમનાં દ્વારા શરૂ કરેલ સેવાયજ્ઞ હંમેશા આપણને દિવાદાંડી બની પથદર્શક બનતો રહેશે.

# શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ

જ્ઞાતિના ગૌરવરૂપ સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ શ્રી જયંતિલાલ છોટાલાલ શાહનો જન્મ શ્રી જગાભાઈ શેઠની પોળમાં સને ૧૯૦૬માં થયેલો.

વકીલાતના શરૂઆતના દિવસોમાં જ તેમને અત્યંત પરિશ્રમ લઈને પુરૂષાર્થ, વિદ્વતા અને તેજસ્વીતાની તસ્વીર ઉપસાવી હતી. એક અતિ બુધ્ધિશાળી અને તેજસ્વી ધારાશાસ્ત્રી તરીકે તેમણે પ્રથમ પંક્તિમાં ખ્યાતી મેળવી હતી.

ત્યારબાદ ભારતની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે રાષ્ટ્રપતિએ તેમની નિમણુંક થયેલ અને સમસ્ત ભારતની સેવા કરવાને તેમને તક મળી હતી.

ભારતમાં બંધારણીય લોકશાહી હોય ત્યાં બધા જ નાગરીકો સરખા હોય ત્યાં અદનામાં અદનો નાગરીક ન્યાયની કોર્ટમાં ઘા નાંખી શકતો હોય તેવા દેશમાં સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિનું પદ અત્યંત મહત્વનું અને ગૌરવભર્યું સ્થાન બન્યું હતું.

ત્યારબાદ સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ તરીકે તેમની નિમણુંક સને ૧૯૭૦માં કરવામાં આવી હતી, જે માટે જ્ઞાતિ ગૌરવ મગરૂબી અનુભવતી હતીં.

સને ૧૯૭૫માં દેશમાં જ્યારે કટોકટી જાહેર થયેલી ત્યારે લોકો ઉપર એનક જાતના અત્યાચારો થયા હતાં. જેની તપાસ કરવા સને ૧૯૭૭માં તપાસ પંચ નીમવામાં આવેલું. આ શાહ તપાસ પંચના તેઓ અધ્યક્ષ હતાં. તપાસ દરમ્યાન તેમણે કરેલા વિધાનો ખુબ પ્રશસ્ય અને અદાલતી કાર્યવાહીની નિષ્પક્ષતા તેમજ સ્વતંત્રતાને શબ્દબધ્ધ કરી ગયા છે.

જ્ઞાતિના વરિષ્ટ સદસય ચીફ જસ્ટીસ શ્રી જે. સી. શાહ આજે આપણી સમક્ષ નથી પણ તેમણે મુકેલી સુવાસ ભારતની લોકશાહી અને અદાલતી સ્વતંત્રતાના પુરસ્કર્તા તરીકે સદા યાદ રહેશે.

## સ્વ.શ્રી સારાભાઈ માણેકલાલ ચોકસી

જ્ઞાતિના માજી ટ્રસ્ટી સ્વ. શ્રી સારાભાઈ માણેકલાલ ચોકસી સને ૧૯૩૪માં તેઓએ બી.એ.,એલ.એલ.બી.નું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલું. તેઓએ ધાર્યુ હોત તો તેઓ ઉચ્ચ પંક્તિના એડવોકેટ, અમલદાર કે ઉદ્યોગપતિ થઈ શક્યા હોત. પણ તેમણે પોતાનો વંશ પરંપરાનો સોના-ચાંદીનો ધંધો નાની ઉંમરે અપનાવેલો તેમણે સક્ષમતાથી કુનેહ અને અથાગ પરિશ્રમ દ્વારા બાહોશ અને પ્રામાણિક વેપારી તરીકે નામના મેળવેલી. તેમણે વેપારીઓનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરેલો અને તેમને સાચી અને વ્યવહારુ સલાહ આપતા હતાં.

તેઓશ્રીએ  ચોકસી મહાજનના પ્રેસીડેન્ટ તરીકે ઘણા વર્ષો સુધી સુક્રિય સેવાઓ આપેલી. આ સમય દરમ્યાન તેમણે રાજ્ય સરકાર અને ભારત સરકાર સમક્ષ ધંધાના વિવિધ પ્રશ્નો અંગે અસરકારક રજુઆતો કરેલી અને વેપારીઓને સારા પ્રમાણમાં લાભો અને રાહતો અપાવેલી.

તેઓ રીજીઓનલ સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ કસ્ટમની એડવાઈઝરી બોર્ડમાં સભ્ય તરીકે ઘણા વર્ષો સુધી રહી સુંદર કામગીરી બજાવેલી. વળી તેઓ ગુજરાત વેપારી મહામંડળની ટ્રેડ એન્ડ કોમર્સની કમિટીના સભ્ય તરીકે આશરે ૬ વર્ષ સુધી સક્રીય સેવાઓ આપેલી અને વેપારીઓના પ્રશ્નો અંગે અસરકારક રજુઆતો કરેલી.

તેઓ ધાર્મિક વૃત્તિના હતાં. તેઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણી હતાં અને ટ્રસ્ટી તરીકે ધાર્મિક ક્ષેત્રે સુંદર સેવાઓ આપેલી. તેઓએ શ્રી માણેકચોક કો.ઓ.બેંકની બોર્ડમાં ડાયરેક્ટર તરીકે ઘણા સમય સુધી રહી બેંકીંગ ક્ષેત્રે પણ સારી સેવાઓ આપેલ.

તેઓ મીલનસાર , નિખાલસ અને સેવાભાવી હતાં અને  સને ૧૯૫૬થી જ્ઞાતિના કાર્યવાહક કમિટીના સભ્ય તરીકે શરુઆત કરેલી. ત્યારબાદ સને ૧૯૮૦માં જ્ઞાતિના ઉપપ્રમુખ તરીકે જ્ઞાતિને સક્રિય સેવાઓ આપેલી. સને ૧૯૭૮માં તેઓ જ્ઞાતિના કાયમી ટ્રસ્ટી તરીકે નિમાયેલા. તેમને નાદુરસ્ત તબિયતને કારણે તેમણે સને ૧૯૮૭માં જ્ઞાતિના ટ્રસ્ટી તરીકેથી રાજીનામું આપેલું. વળી તેમણે યુવક મંડળની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લીધેલો. સને ૧૯૭૯મા યુવક મંડળના પ્રમુખ તરીકે તેમણે સુંદર સેવાઓ આપેલી. તેમણે તન, મન અને ધનથી જ્ઞાતિને આજીવન સેવાઓ આપેલી.

તેમના ભગીરથ કાર્યોની મધુર સુવાસ સદા આપણને યાદ રહેશે અને આપણને પ્રેરણા આપતી રહેશે.

# બહુમાન પત્ર
## શ્રીયુત સારાભાઈ ચમનલાલ શાહ

તા. ૨૫-૧૧-૧૯૭૯,અમદાવાદ

માનનીયશ્રી,

આપણી જ્ઞાતિનું ચાલીસ વર્ષ સુધી સુકાન જાળવી રાખી જ્ઞાતિની ઉત્તરોત્તર પ્રગતિ સાધી સમાજમાં મોખરાનું સ્થાન આપણી જ્ઞાતિએ તેઓશ્રીના પ્રમુખપણા હેઠળ સાધ્યું છે, જે ગૌરવપ્રદ અને પ્રસંશનીય છે.

જ્યારે આપણી તેમજ અન્ય જ્ઞાતિઓ લગભગ શૂન્યસમ બની રહી હતી ત્યારે તેઓશ્રીએ જ્ઞાતિનાં શ્રેષ્ઠી સર્વશ્રી સ્વ. રમણલાલ ચંદુલાલ શાહ, સ્વ. પુરસોત્તમદાસ ગોરધનદાસ મહેતા અને સ્વ. સારાભાઈ હીરાલાલ શાહ તેમજ અન્યે જ્ઞાતિમાં સંગઠન, પ્રેમ અને બંધુભાવના એકબીજા પ્રત્યે કેળવી  અથાગ પ્રયત્નો આદરી નવીન સમાજ રચના કરવાનું સાનુકુળ વાતાવરણ ઉભુ કરેલ તેમજ જ્ઞાતિની વ્યવસ્થિત રચના કરવા સમાજીક ઉત્થાન માટે યથાયોગ્ય બાબતોને આવરી લઈ ઘડેલ. તેનો યશ તેઓશ્રીને તથા તેમની સાથેના મુરબ્બી વડીલોના ફાળે જાય છે.

તેઓશ્રીએ જ્ઞાતિના અનેક વિધકાર્યોમાં રસ લઈ યુવાન વર્ગને ઉંમર કે મોભાને લક્ષમાં રાખ્યા વગર નાનાઓ સાથે સમોવડીયા સમાન બની માર્યદર્શન તેમજ દિશા સુચન કરી જે દોરવણી આપતા રહ્યા જે આજે દીવાદાંડી બની રહી છે.

જૈફ ઉંમરે પહોંચવા છતાં તેમનાં આદર્શ અને ઉમદા વિચારો આજની બદલાતી જતી સમાજ રચના અને પરિવર્તનશીલ સમાજને અનુરૂપ રહેતા. જ્ઞાતિ પ્રથામાં સમયાનુસાર, સંજોગોવશાત કરવા પડતા ફેરફારો સાથે ઘણા સુસંગત અને દૃઢ માન્યતાવાળા રહ્યા અને તે એક અત્યંત ગૌરવવાળી અને પ્રશંસનીય વાત છે.

જ્ઞાતિ, સોસાયટી, ક્લબ એવી અનેક એકબીજાની સંપર્ક સાધનારી પ્રવૃત્તિઓ સામાજીક જીવન વિકાસ માટે જરૂરી છે. વિશાળ દૃષ્ટિએ જ્ઞાતિ એ જીવન વિકાસ માટેના ઉત્તમ સાધનોમાનું એક છે. જો કે સમયાનુસાર જ્ઞાતિમાનાં બંધુપ્રેમની ભાવના ઓસરતી જણાય છે. છતાંય તેઓશ્રી સુકાની પદે હાથ ધરાયેલ શુભ પ્રયત્નો અનુસાર સંગઠન અને પ્રેમની સાંકળી મજબુત બનાવવામાં સહાયભૂત થતા રહે છે.

તેઓશ્રી જ્ઞાતિ કાર્યોમાં સદેવ સક્રિય રહી નિષ્ઠાપૂર્વક સેવાઓ, માર્ગદર્શન અને કામગીરી આપેલ. તે જ ધગશ, હોંશ અને ઉંમગથી આપના પરિવારનાં સદસ્યશ્રીઓનો સહકાર મળતો રહયો છે તે આપણી જ્ઞાતિ માટે ગૌરવ સમાન છે.

## શ્રી મધુકાન્તભાઈ રમણલાલ શાહ

આપણી જ્ઞાતિના પ્રથમ પંક્તિના વયોવૃદ્ધ તેમજ જ્ઞાતિ યુવક મંડળના આદ્યસ્થાપક માજી ટ્રસ્ટી કર્તવ્ય અને કર્મનિષ્ઠ સામાજીક તેમજ રાજકીય ક્ષેત્રે નિષ્ઠાવાન, પ્રમાણિક અને સમાજવાદી સમાજ રચનાના પ્રખર હીમાયતી એવા શ્રી મધુકાન્તભાઈ રમણલાલ શાહનો જન્મ........... ના રોજ થયેલ.

જ્ઞાતિ યુવક મંડળના સ્થાપકોમાંના એક એવા આપશ્રી મુરબ્બીએ જે ઉત્સાહ, ઉમંગ, ખંત અને શુભ નિષ્ઠા દાખવ્યા તે અજોડ અને અદ્વિતીય છે. જ્ઞાતિની સ્થાપનાના ૬૦ વર્ષથી એક ધારી સેવાઓ આપતા રહ્યા અને જ્ઞાતિ તેમજ જ્ઞાતિ યુવક મંડળના ટ્રસ્ટી મંડળમાં મોખરાનું સ્થાન ધરાવતા ટ્રસ્ટી હતાં. તેઓશ્રીની સેવાઓ આજના સમયે ઘણી પ્રેરણાદાયક અને માર્ગદર્શન સમાન બની રહે.

તેઓશ્રીએ નિસ્વાર્થ સેવાઓ બજાવતા રહી આપના પિતાશ્રી સ્વ. રમણલાલ ચંદુલાલ શાહ તેમજ સ્વ. પુરષોત્તમદાસ ગોરધનદાસ મહેતાએ સને ૧૯૧૨માં જ્ઞાતિમાં કેળવણી ઉત્તેજક સંસ્થા સ્થાપી જે મંગળદીપ પ્રગટાવી ઝુંબેશ શરૂ કરેલી તેને ઝુંબેશના મશાલચી રુપે જીવંત રાખી અને સમાજ સન ૧૯૩૯ની ૧ લી જુલાઈએ સ્વ. સારાભાઈ હીરાલાલ શાહ, સ્વ. નટવરલાલ છોટાલાલ શાહ તેમજ અન્ય સહકાર્યકરોએ સાથે મળી જ્ઞાતિ યુવક મંડળની સ્થાપના કરી મુર્તિમંત સ્વરૂપ જે આપેલ તે આજે વટવૃક્ષ સમાન બની ફુલ્યું ફાલ્યું છે જેનો યશ તેઓને તેમજ તેમના સાક્ષી મહાનુભાવશ્રીઓ, શ્રેષ્ઠશ્રીઓ અને સાથી મિત્રોને ફાળે જાય છે.

તેઓશ્રીએ સ્થાપેલ આ મંડળની દોરવણી તેમજ કામગીરી પ્રેરણાદાયક બની અત્યંત આવશ્યક બની રહેશે. તેઓશ્રી ખરેખરા સમાજવાદી સમાજ રચનાની વિચારસરણી ધરાવનાર એક સાચા સમાજવાદી હતાં અને આજ કારણોસર જ્ઞાતિના મધ્યમવર્ગ અને જરૂરીયાતવાળા જ્ઞાતિજનોને કેવી રીતે અને કયા પ્રકારે સહાયભૂત થવું તેનો જ વિચાર કરી તે મુજબના પગલાં ભરી ખાનગી રાહત યોજના જેવી આશીર્વાદ સમાન પ્રવૃત્તિઓ આદરી કાર્યરત રહ્યા હતાં.

આજના સમયમાં જ્ઞાતિ, સોસાયટી, ક્લબ જેવી એક સંસ્થાઓ કે જે એકબીજાની સંપર્ક સાધનારી પ્રવૃત્તિઓ સામાજીક જીવન વિકાસ માટે જરૂરી બની રહી છે અને તેમની વિશાળ દ્રષ્ટિએ જ્ઞાતિ તેમજ યુવક મંડળ એ જીવન વિકાસ માટેના ઉત્તમ સાધનોમાનું એક છે. ક્રમશઃ જ્ઞાતિમાંના બંધુપ્રેમની ભાવના, લુપ્ત તેમજ ઓરસતી જતી જણાય છે અને જો આ અંગે કોઈ નક્કર કાર્ય કે પ્રવૃત્તિઓ કે જે આજના પરિવર્તનશીલ સમાજને અનુરૂપ આદરવાના પ્રયત્નો કરવામાં પાછા પડીશું તો સંસ્થાને નિષ્પ્રાણ થતી અટકાવી શકીશું નહી, આમ તેઓશ્રીને ચોક્કસ ખાત્રી અને વિશ્વાસ હતા કે આવી જે સેવાની જયોત જલાવી છે તે જયોતને જલતી રાખી તેને દીપાવી દૈદીપ્યમાન કરવા જ્ઞાતિ તેમજ યુવક મંડળે હાથ ધરેલા શુભ કાર્યો અને પ્રયત્નો અનુસાર સંગઠન અને પ્રેમની સાંકળ મજબુત બનાવવા સૌ જ્ઞાતિ ભાઈ બહેનોને સહાયભૂત થતાં રહ્યા. જે આજે ક્રમશઃ સકારાત્મક રીતે પ્રસ્થાપિત થઈ રહેલ છે અને આગામી સમયમાં સામાજીક ઉત્થાન અને ઉત્કર્ષ માટે નવી દિશા માટેનો રાહબર બની રહેશે.

## શ્રી જીતેન્દ્રભાઈ સારાભાઈ શાહ

આપણી જ્ઞાતિના તથા જ્ઞાતિ યુવક મંડળના કર્તવ્ય અને કર્મનિષ્ઠ, નિષ્ઠાવઠાન અને પ્રમાણિક સમાજવાદી સમાજ રચનાનાં સક્રીય કાર્યકર સમાજ માજી ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઈ સારાભાઈ શાહનો જન્મ તા...... ના રોજ યેલ.

જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળના ટ્રસ્ટીઓમાં અને કાર્યવાહક કમિટીનાં સહકાર્યકરો સાથે ભાતૃભાવના કેળવી જે ખંત, ઉત્સાહ અને શુભનિષ્ઠા દાખવી તે અજોડ અને અદ્વિતીય છે. દીર્ઘદષ્ટિ સમાન એકધારી સેવાઓ થકી તેઓ કારોબારી તથા ટ્રસ્ટી મંડળમાં અગ્રસ્થાન ધરાવતા હતાં. અને કાર્યક્ષમ વહીવટી પ્રણાલીને તેઓ સુદઢ બનાવતા રહ્યા.

સને ૧૯૩૯ની ૧લી જુલાઈના રોજ પિતાસ્વ. શ્રી સારાભાઈ હીરાલાલ શાહે અન્ય જ્ઞાતિબંધુની સાથે મળી જ્ઞાતિ યુવક મંડળની સ્થાપના કરેલ. જે સેવાવૃત્તિઓથી આજના સમયમાં ખુબ જ મહત્વની અને આશીર્વાદરૂપ બની રહી છે. આ શીતળતાનો યશ તેમના પરિવાર, જ્ઞાતિનાં સ્થાપકોને શીરે રહેશે.

જ્ઞાતિનાં યુવા વર્ગને ખાસ કરીને તેમને કેળવણી વિષયક બાબતે તે વધુ સક્રીય રહેલ અને યુવક મંડળની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરી મહત્તમ યુવાવર્ગને તેનો લાભ મળી રહે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેલ. સાથોસાથ જ્ઞાતિમાં વડીલો અને નવી પેઢીમાં હંમેશા સંકલન જળવાય ને માટે મહત્વની કડીરૂપ કાર્યશૈલી અપનાવી સૌના સાથી મિત્ર બની રહેલ.

તેઓશ્રીએ પ્રગટાવેલ સેવાની જ્યોત ને વધુને વધુ દૈદીપ્યમાન રાખવા જ્ઞાતિ તેમજ જ્ઞાતિ યુવક મંડળના ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારીએ હાથ ધરેલ સદકાર્યો અને પ્રવૃત્તિઓમાં સૌ જ્ઞાતિ વડીલો તથા જ્ઞાતિબંધુઓનો સકારાત્મક અભિગમ દાખવી આગામી સમયમાં નવા સિમાચિન્હરૂપ બની રહેશે તે નિશ્ચિત છે.

## હિન્દુસ્તાનની સ્વતંત્રતામાં આપણી જ્ઞાતિના મુરબ્બીઓના પ્રદાનનો ટુંક પરિચય...
## શ્રી બાબુલાલ મણીલાલ ચોકસી, શ્રી જયંતિલાલ મણીલાલ ચોકસી,
## શ્રી બંસીલાલ ત્રિકમલાલ ચોકસી, શ્રી પરષોત્તમદાસ ગોરધનદાસ મહેતા,
## શ્રી રસીકભાઈ મોહનલાલ ચોકસી તથા અન્ય મહાનુભાવોશ્રી

સ્વાધીનતાના સંગ્રામની ગુંથાયેલ યશગાથા અને તેના સાંપ્રત ઈતિહાસનું અવલોકન કરતા જાણવા મળે છે કે, આ ચળવળમાં આપણી જ્ઞાતિના પણ અનેક નામી અનામી મહાનુભાવોનું પ્રદાન વિશેષ રહેલ છે. જેઓએ હિન્દ સ્વરાજ માટેની પ્રવૃત્તિઓમાં પોતાના જીવને જોખમમાં મુકીને સર્વસ્વ ન્યોછાવર કરવાના મનસૂબાથી પાયાના કાર્યકર બનીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાઈને ઘણી યશસ્વી સેવા આપેલ. જેની નોંધ પૂજ્ય ગાંધીજીના અહિંસક આંદોલનના અનેક લેખ, પુસ્તકો ઉપરાંત અમદાવાદ ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓના ખુમારીના પ્રસંગોમાં સાક્ષી સ્વરૂપે વણેલ છે. જે આપણી જ્ઞાતિના સૌ માટે સ્વાભિમાનની વાત છે.

ઈતિહાસના પાના પર સ્વર્ણ અક્ષરે લખેલ સ્વતંત્રતાના સમીકરણોનું વિહંગાવલોકન કરીએ તો ધ્યેયલક્ષી અને રાષ્ટ્રચેતનાથી સૌને સતેજ કરનાર અનેક કર્મનિષ્ઠ મુરબ્બીમાં શ્રી બાબુભાઈ મણીલાલ ચોકસીની કાર્યશૈલીના સાર્થક સીમાંકન જરૂરથી મળશે. આઝાદી મેળવવાની લડતમાં સમયોચિત અનોખી કામગીરી કરનારમા અને પૂજ્ય ગાંધી બાપુના ખુબ જ નિકટના અન્યેવાસીઓ પૈકીના હોવાની સાચે તેઓ હંમેશા અદની કામગીરીના પાયામા રહેતાં. તેથી જ રાષ્ટ્ર ઘડતરની કામગીરીમાં તેમા વધતા કદને લીધે તેમને સાબરમતી જેલમાં કેદ કરવામાં આવેલ. તો કેલીકો મિલમાં નોકરી કરતાં હોવા છતાં હિન્દ છોડો ચળવળના ભાગરૂપે આયોજિત મિલાની હડતાલમાં અગ્રેસર રહીને સક્રિય રહેતા સાબરમતી ખાતે જેલવાસ ભોગવવો પડેલ. પરંતુ દેશને આઝાદ કરવાના મુસદ્દી વિચારધારાની નેમ સાથે ફરી ચળવળમાં જુસ્સાભેર જોડાઈને જે કામથી સૌ ડરતાં તે બોમ્બ બનાવવાની કામગીરીમા તેઓ સ્વેચ્છાથી જોડાયેલ.

લાબા સમય સુધી ભુગર્ભમાં રહીને શ્રી વસંત અને રજબની જોડીના સહકાર્યકર બની અંગ્રેજોની પોલીસને હંફાવતા રહ્યા. જયારે તેમની ધરપકડ થવાની હતી ત્યારે તેમના સાથીઓએ ઓળખ છુપાવવા તેમનું આગાખાન નામ રાખેલ જે પ્રાથમિક દ્દષ્ટિએ મુસ્લિમ હોવાનું જણાતા સરકાર ગેરમાર્ગે દોરાતી રહી. જેનો લાભ લઈ અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓના દિલમાં ‘આગાખાન’ના હુલામણા નામથી આદરપૂર્વક સ્થાન પામી શિસ્તબદ્ધ વ્યુહરચના થકી નવા આશ્રય સ્થાનો મારફતે ખુબ જ ખાનગી રાહે પોસ્ટર પત્રિકાની કામગીરી તેઓ કરતાં રહ્યાં અને આઝાદીના ઘડવૈયા તરીકે યશસ્વી કાર્યભાર સંભાળેલ. ગામેગામના પ્રવાસ કરી ચેતનાનો દોરીસંચાર કરવા કોંગ્રેસના સેવાદળ દ્વારા આયોજિત અમદાવાદથી દિલ્હી સુધી ‘ઉગતા મુસાફર’ સાયકલ રેલીમાં પણ ભાગ લીધેલ.

આવા અનેક ભગીરથ કાર્યોની પુષ્છી સ્વરૂપે તેઓને ભારતના રાષ્ટ્રપતિશ્રીના નિવાસસ્થાને યોજેલ સ્વાતંત્ર્ય સેનાનીના સન્માન કાર્યક્રમમાં અને ઓલ ઈન્ડિયા સરદાર પટેલ ફાઉન્ડેશન દ્વારા સન્માનિત કરેલ. તે સમયના પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દીરા ગાંધીએ તેમની રાષ્ટ્રીય ભાવનાને બિરદાવતા તામ્રપત્ર અર્પણ કરી સન્માન કરેલ. ગુજરાત રાજ્ય સરકારે પણ તેઓશ્રીનું બહુમાન કરેલ. આ ઉપરાંત ઘણી જાણીતી સંસ્થાઓ તરફથી પણ તેમને માનપત્ર અને અનેક આવિષ્કારો મળેલ.

આ ઉપરાંત આપણી જ્ઞાતિના અન્ય મુરબ્બીઓમાં **સર્વશ્રી બંસીલાલ ત્રિકમલાલ ચોકસી**નું પ્રદાન પણ ખુબ જ મહત્વનું રહેલ. અન્ય સાથીઓની સાથે રહીને સાંકડીશેરીમાં આઝાદ હિન્દની ભુગર્ભની કામગીરીમાં તેઓશ્રીએ આપણી જ્ઞાતિના **શ્રી જયંતિભાઈ મણીલાલ ચોકસી**ની સાથે રહી રોજ બરોજ ખાનગી રાહે મહત્વની વિગતો મેળવીને પત્રિકાઓના પ્રકાશન અને તેના વિતરણમાં તેમજ આયોજિત રેલીઓ અને સભાઓ માટેની પૂર્વ કામગીરી સહીત અનેક મહત્વપૂર્ણ કામકાજમાં સિંહ ફાળો આપી યથાર્થ ભૂમિકા ભજેલ. ખાસ કરીને સાંકડીશેરી અને આજુબાજુના વિસ્તારના સ્વાતંત્ર્ય સેનાનીઓની અતિ ખાનગી ગતિવિધિ માટે તેઓ કડીરૂપ સંચાલન કરતાં. સ્વતંત્રતા બાદ પણ આજીવન ચુસ્ત ગાંધીવાદી વિચારધારાના અનુશાસનથી પોતાનું નિસ્પૃહી જીવન પસાર કરેલ. આવા પ્રેરણાત્મક, દેશદાઝ અને કર્તવ્યનિષ્ઠ મુરબ્બીઓની જીવનશૈલી આપણને સૌને આંતરિક જુસ્સા અને સંયમ વડે સિદ્ધિ પ્રાપ્તિના ગુણોનો વિકાસ કરવાની નવી કેડી તકફનો દોરી સંચાર કરે છે.

આપણા અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા નવી પેઢીના જીવનમાં સ્વતંત્રતાના મૂલ્યોની યાદગીરી રહે અને તેમની સ્મૃતિને જીવંત રહે તે હેતુથી શહેરના કાંકરીયા ખાતેના તેમના નિવાસસ્થાનની નજીકના રોડને **‘સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી બાબુભાઈ મણીલાલ ચોકસી માર્ગ’** અને શ્રી જયંતિભાઈ મણીલાલ ચોકસીની યાદગીરીના ભાગરૂપે સાંકડીશેરી ખાતે નિવાસસ્થાન નાનશા જીવણની પોળમાં **’સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી જયંતિભાઈ મણીલાલ ચોકસી ચોક’** તરીકે જાહેર કરેલ છે. જે સૌના માટે સિમાચિન્હ અને દીવાદાંડી બની રહેલ છે. સ્વતંત્ર ભારત નિર્માણમાં આપણી જ્ઞાતિના આવા સૌ કર્મથ અને

ધ્યેયલક્ષી સહભાગી સૌ મુરબ્બીઓને કોટી કોટી વંદન....